**Commissionerate of Technical Education, Gujarat State**
**કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય**

| | |
|---|---|
| કર્મયોગી ભવન, બ્લોક નં: ૨, છઠ્ઠો માળ, સેક્ટર–૧૦–એ , ગાંધીનગર – ૩૮૨ ૦૧૦ | Karmyogi Bhavan, Block No: 2, 6th Floor, Sector - 10-A, Gandhinagar – 382 010 |
| (079) 232 53546<br>URL : http://dte.gswan.gov.in | FAX : (079) 232 53539<br>GRAM : EDUTECH(N) |
| E-MAIL : dteguj@yahoo.co.in, dire-dte@gujarat.gov.in | |


ક્રમાંક: જીપીટી/નિમણૂક/સી.ભ./વ્યા.ઓટો/૨૦૧૭/ઘ-૩-૪/ 3952

20 FEB 2017

<u>આર. પી. એ. ડી.</u>

પ્રતિ,

(આ સાથે સામેલ લીસ્ટ મુજબ ઉમેદવારો)

વિષય:- ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ સરકારી પોલિટેક્નીક્ ખાતે ઓટો મોબાઇલ વિદ્યાશાખાના વ્યાખ્યતા તરીકે નિમણૂંક આપવા બાબત

સંદર્ભ:- (૧)શિ. વિ. ના તા. ૧૯/૧૨/૧૬ ના જાહેરનામા ક્રમાંક: એસીટી/૧૦૧૧ મા.પ.૨૦/ઘ
(૨)શિ. વિ. ના તા. ૩૦/૧૨/૧૬ ના જાહેરનામા ક્રમાંક: એસીટી/૧૦૧૧ મા.પ.૨૦/ઘ

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ સરકારી પોલિટેક્નીક્ ખાતે ઓટો મોબાઇલ વિદ્યાશાખાના તરીકે નિમણૂંક આપવા આપના નામની ભલામણ કરવામાં આવેલ છે. <u>આથી પોલીસ અહેવાલ તેમજ તબીબી પ્રમાણપત્ર અંગે બાહેધરી ભરવા માટે હાલનો પાસપોર્ટ સાઇઝનો એક ફોટોગ્રાફ તથા પ્રમાણપત્રોની ચકાસણી માટે નીચેના અસલ પ્રમાણપત્રો અને તેની એક સ્વપ્રમાણિત નકલ સાથે તા.૨૮/૦૨/૧૭ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે કર્મયોગી ભવન, બ્લોક નં. ૨ છઠ્ઠો માળ, સેક્ટર - ૧૦ , ગાંધીનગર ખાતે સ્વખર્ચે હાજર રહેવા જણાવવામાં આવે છે.</u>

(૧) એસ.એસ.સી. અથવા તેની સમકક્ષ પરીક્ષાનુ પ્રમાણપત્ર કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય.

(૨) પદવી પ્રમાણપત્ર એકથી વધુ હોય તો દરેક પદવીનુ પ્રમાણપત્ર.

(૩) પદવીનુ ગુણ પત્રક કે પત્રકો(માર્કશીટ્સ)

(૪) અનામત જાતિ માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ જાતિ પ્રમાણપત્ર અને શાળા છોડ્યાનુ પ્રમાણપત્ર

(૫) સા. અને શૈ. પ. વર્ગના ઉમેદવારો માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક મુજબનુ "ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોય" તા. ૦૧/૦૪/૧૬ પછીનુ નોન-ક્રિમીલેયર પ્રમાણપત્ર.

(૬) અનુભવના પ્રમાણપત્ર/પ્રમાણપત્રો

(૭) સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવારો માટે સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૮/૧૧/૧૯૮૯ ના પરિપત્ર ક્ર. એફઓએ-૧૦૮૮-૩૯૪૦-ગ-૨ થી નિયત કરવામાં આવેલ નમુનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના-વાંધા પ્રમાણપત્ર

(૮) નામમાં ફેરફાર કરાવેલ હોય તો ગેજેટની/લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ ઉપરોક્ત તમામ પ્રમાણપત્રોની એક ખરી નકલ અચૂક સાથે લાવવાની રહેશે.

(૯) કોમ્પ્યુટર કૌશલ્યની લાયકી પરીક્ષા પાસ કર્યાનુ પ્રમાણપત્ર.(સીસીસી/સીસીસી+/કોમ્પ્યુટરની જાણકારી અંગેનું અન્ય પ્રમાણપત્ર)

(૧૦) આ સાથે સામેલ નિયત નમુનામાં બાહેધરી પત્રક ભરીને રૂબરૂ કચેરીમાં રજુ કરવાનું રહેશે.

ઉપરોક્ત તમામ પ્રમાણપત્રોની એક ખરી નકલ અચૂક સાથે લાવવાની રહેશે.

(બી.જી.ચૌધરી)
વહીવટી અધિકારી

બિડાણ:- બાહેધરી પત્રક નિયત નમુનામા

પ્રતિ,

| ક્રમ | નામ | સરનામું |
|---|---|---|
| 1 | MR.ASHVINBHAI MANHARABHAI | 136/B AMRUTNAGAR SOCIETY.<br>JALALPOR.<br>NAVASRI -396421 |
| 2 | MR.JENISH VINODBHAI BHALANI | BHOLENATH SOCIETY ST.2<br>B /H DALIBAIK KANYA CHATTRALAY<br>KRUSHNANGAR MANI ROAD<br>RAJKOT -360004 |